# નાગરિકોને નકલી સોનાનાં સિક્કા પધરાવતી ટોળકી ઝડપાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સ્પેશીયલ ઓપરેશન ગ્રુપના જવાનો ચિલોડા પોલીસ મથકની હદમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ચિલોડા સર્કલ પાસે બે શંકાસ્પદ લાગતા ઈસમોનો પીછો કરી પકડી પાડી તેમની પાસે રહેલા થેલામાંથી બીલ વગરના પીળી ધાતુના નાની સાઈઝના સાચા તથા ખોટા સોના જેવા સિક્કાઓની કિ.રૂ. ૩૦,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એસઓજી પીઆઈ જે.જે.વાઘેલાની સુચના અને માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.આર.કરોતરા અને સ્ટાફના જવાનો અ.હે.કો.સજ્જાદ હુસેન સબ્બીર હુસેન, પો.કો.સુરેન્દ્રસિંહ વિજયસિંહ, જયદિપસિંહ સહેન્દ્રસિંહ ચિલોડા પોલીસ મથક વિસ્તારમાં ખાનગી રાહે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન શંકાસ્પદ બે ઈસમોને પકડી પાડ્યા હતા. જેમાં પુનમભાઈ પ્રેમાભાઈ સલાટ રહે. સલાટવાસ પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર જી.સાબરકાંઠા, વિજય દોલાજી સોલંકી રહે. મનુભાઈની ચાલી રેખા કિરાણા સ્ટોર્સની બાજુમા માયા સિનેમા પાછળ નહેરુનગર કુબેરનગર અમદાવાદ, હોવાનું જણાવ્યું હતું. બંન્ને આરોપીઓની પોલીસે પુછપરછ કરતા આરોપીઓ જાહેરમાં આવતા-જતા નાગરીકો - મુસાફરો સાથે વાતચીત કરી તેમની નજર ચુકવી આ ખોટા પીળી ધાતુના સિક્કાઓ ભરેલી કપડાની થેલી મુકી દેતા હતા. નાગરીકોની આ ઈસમોએ મુકેલી થેલી પર નજર જતા તેને ઉઠાવવા જાય તે જ સમયે આ બંન્ને ઈસમો પણ નાગરીક પાસે આવી જાય અને આ થેલી પણ અમે પણ તમારી સાથે જ જોયેલી છે. તેથી અમારો ભાગ પણ થાય તેમ નાગરીકને કહીને આ થેલીમાં રહેલા સિક્કાઓ સાચા છે કે ખોટા તેની ખરાઈ કરવાનું પણ નાટક રચતા હતા. જો નાગરીક ખરાઈ કરાવવાનું કહે તો આ ઠગ ઈસમો પોતાના ખિસ્સામાં રહેલા સાચો સોનાનો સિક્કો આપીને ખરાઈ કરાવી આ થેલીમાં રહેલા સિક્કા સાચા સોનાના હોવાનું નાગરીકોને વિશ્વાસ અપાવતા હતા. ત્યારબાદ નાગરીક પાસે આ ખોટા પીળી ધાતુના સિક્કાવાળી થેલી રહેવા દઈને તેના બદલામાં જે પણ રોકડ રૂપીયા નાગરીક પાસેથી મળે તે લઈને તુરંત જ નીકળી જતા હતા, અને પાછળથી નાગરીકને આ થેલીમાં રહેલા પીળી ધાતુવાળા સિક્કાઓ ખોટા હોવાનું ખબર પડતી હતી અને પોતે છેતરાયા હોવાનું જણાતુ હતું. બનાવ અંગે એસઓજી પોલીસે બે ઈસમો અને પીળી ધાતુના સિક્કા કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.



## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



આપણાં પક્ષને મળેલી માહિતી મુજબ તમે એટલા લોકપ્રિય છો... એટલા લોકપ્રિય છો કે તમને અમે ટિકિટ ન આપી શકીએ...!!

# દહેગામ પાસે ઈલેક્ટ્રોનિક ચીજવસ્તુઓ ચોરીને લઈ જતી રીક્ષા પકડાઈ

ગાંધીનગર, તા.૨૨

દહેગામ નહેરુ ચોકડી પાસે પેટ્રોલીંગ દરમિયાન એક સી.એન.જી. રીક્ષામાં બે શખ્સોને ચોરીની ઈલેક્ટ્રોનીક ચીજવસ્તુઓ અને રોકડ રકમ સાથે શંકાસ્પદ હાલતમાં પકડી પાડ્યા હતા. પોલીસને આરોપીઓ પાસેથી લોખંડની છીણી, ડિસમીસ, રમકડાની પિસ્તોલ, હેર ડ્રાયર, આઈફોન સહિતની વસ્તુઓ મળી આવી છે. પોલીસે શખ્સોની પુછપરછ કરતા દહેગામ, દાણીલીમડા અને વેજલપુર ખાતે થયેલી ચોરીના ગુના ઉકેલી નાંખી કુલ રૂ. ૧,૫૨,૮૫૦ નો મુદ્દામાલ પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ તરલ ભટ્ટના માર્ગદર્શનમાં પીએસઆઈ પી.ડી.વાઘેલા સહિતના સ્ટાફ સાથે દહેગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન જી.જે.૦૧.ટી.ઈ.-૧૪૯૮ નંબરની સીએનજી રીક્ષા પુરપાટ ઝડપે પસાર થઈ હતી. પોલીસે તેને રોકવાનો ઈશારો કર્યો હતો, પરંતુ રીક્ષા ચાલકે રીક્ષા ઉભી રાખી ન હતી. જેને પગલે એલસીબી પોલીસે રીક્ષા પીછો કરતા રીક્ષા ચલાકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા અતિથિ હોટલ પાસે રીક્ષા ગુલાટી મારી ગઈ હતી. રીક્ષાના ડ્રાઈવર અને અન્ય એક ઈસમને પકડી પાડી નામ પુછતા ચાલકે તેનું નામ મોહંમદ આરીફ અનીફ શેખ ઉવ.-૨૮ ( રહે.સરખેજ અંબર ટાવર પાસે એવન નગર મકાન નં.એચ-૩) તેમજ બીજા શખ્સે પોતાનુ નામ અંસારી ઓરો જુબેરખાન ( રહે. બી ૨૩૦-૨૬ અલીફ નગર સોનલ ફેકટરીની પાછળ વટવા અમદાવાદ) જણાવ્યું હતું.પોલીસને રીક્ષામાંથી સ્ટીલના ઢાંકણાવાળો ડબ્બો તેમજ એક થેલો મળી આવ્યો હતો. જેમા લોખંડની છીણી, ડિસમીસ, નોકીયા કંપનીનો ફોન, ઘડીયાળો, એપલ કંપનીનો પોન, હેર ડ્રાયર પાકીટ, ડેબીટ કાર્ડ , ક્રેડિટ કાર્ડ મળી કુલ રૂ. ૧,૫૨,૮૫૦ મુદ્દામાલ પકડી પાડ્યો છે. અમદાવાદના વેજલપુર, દાણીલીમડા, અને દહેગામ - અમદાવાદ માર્ગ પર આવેલા કેબીનમાંથી ચોરી કરી હોવાનું આરોપીઓએ જણાવ્યું હતું. એલસીબી પોલીસે બંન્ને આરોપીઓને દહેગામ પોલીસને સોંપતા પોલીસે કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે. જયારે આ આરોપીઓએ મુંબઈના ભાયખલામાંથી બે મોબાઈલની પણ ચોરી કરી હોવાની સામે આવ્યું છે.




# સુઘડ નર્મદા કેનાલમાંથી અજાણી યુવતિ અને વૃદ્ધાનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેર પાસેથી પસાર થતી સુઘડ નર્મદા કેનાલમાં અમિયાપુર ગામના ભરત ગુરુકુમાર સોલંકી ઉવ.૩૫ એ અડાલજ પોલીસ મથકે ખબર આપી જણાવ્યું હતું કે સુઘડ કેનાલમાં એક યુવતિનો મૃતદેહ નજરે પડે છે. બનાવની જાણ અડાલજ પોલીસ અને ફાયર બ્રિગેડને કરતા તાત્કાલીક સુઘડ નર્મદા કેનાલ ખાતે પહોંચી જઈને ફાયર બ્રિગેડના જવાનોએ યુવતિનો મૃતદેહ બહાર નીકાળ્યો હતો. તે જ સમયે ત્યાંથી ૧૦૦ મીટરના અંતરે એક ઉમરલાયક વૃધ્ધાનો પણ મૃતદેહ નજરે પડતા ફાયરના જવાનોએ વૃધ્ધાનો મૃતદેહ પણ બહાર નીકાળી પીએમ ખાતે મોકલી આપી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવતિ આશરે ૨૦ થી ૨૨ વર્ષની ઉંમરની લાગી રહી છે. તેણે શરીરે સફેદ પટ્ટાવાળી ટી-શર્ટ અને વાદળી કલરનું પેન્ટ તેમજ કાળા કલરના શુઝ પહેરેલ છે. જયારે સુઘડ નર્મદા કેનાલમાંથી વૃધ્ધાનો મૃતદેહ મળી આવ્યો છે તેમાં પોલીસની પ્રાથમિક તપાસમાં વૃધ્ધા સેકટર-૬ બી, પ્લોટ નં.૨૦૦-૨ ખાતે રહેતા સુરજબેન મણીલાલ પટેલ હોવાનું જાણવા મળ્યું છે. જયારે યુવતિના વાલી વારસો અંગે પોલીસે શોધખોળ આદરી છે.



ગાંધીનગર નજીક આવેલા વાવોલ ગામમાં ગત રાત્રીએ ભારતી બાપુની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડના પાઠ યોજાયા હતા. આ સુંદરકાંડના પાઠનું આયોજન રાકેશસીંગ ચૌધરી પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ સંગીતમય સુંદરકાંડના પાઠનો લાભ મોટી સંખ્યામાં ભાઈ-બહેનોએ લીધો હતો.

# ધીમે ધીમે ગરમીની જમાવટ : પારો ૩૬.૬ ડિ.સે.

ગાંધીનગર, તા. ૨૨

માર્ચ મહિનાના અંતે ધીમે ધીમે ગરમી વધી રહી છે. મહત્તમ તાપમાન ૩૬.૬ ડિ.સે. પહોંચી જતાં ઉનાળો જામી રહ્યો હોય તેમ લાગી રહ્યું છે.

આકરો તડકો અને લાંબો દિવસ આકરા ઉનાળાના આગમનના એંધાણ આપી રહ્યા છે. માર્ચ મહિનાના અંતે ઉનાળો હવે જામી રહ્યો હોય તેવુ લાગી રહ્યું છે. મહત્તમ તાપમાન ધીમે ધીમે વધી રહ્યું છે. હજુ બે દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રીની આસપાસ રહ્યુ હતુ તે આજે બે ડિગ્રી જેટલુ વધીને ૩૬.૬ ડિ.સે. સુધી પહોંચી ગયુ છે. મહત્તમ તાપમાન વધતા ગરમી વધી રહી છે. આજે તો સૂર્યોદય બાદ તુરંત જ સૂરજના કિરણો આકરા બનવા લાગ્યા હતા. દસ વાગ્યાની આસપાસ એવુ લાગતુ હતુ કે હવે ઘરની બહાર ન નીકળીએ તો સારૂ. પંખા-કુલર ચાલુ કરી ઘરમાં જ બેસી રહેવાની ઈચ્છા થાય તેવો આકરો તડકો લાગતો હતો. માર્ચ મહિનાના અંતે હવે ખરી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. રાત્રીનું વાતાવરણ આહલાદક લાગવા માંડ્યુ છે. આગામી ઉનાળો ખૂબ આકરો બની રહેશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

# હિન્દુસ્તાન નિર્માણ દળે ૪૧ ઉમેદવાર જાહેર કર્યા

ગાંધીનગર, તા. ૨૨

ડૉ. પ્રવિણ તોગડિયા દ્વારા રચાયેલ હિન્દુસ્તાન નિર્માણ દળે ગુજરાતની નવ બેઠક માટે પોતાના ઉમેદવારોની આજે વિધિવત્ ઘોષણા કરી છે.

ગાંધીનગર સંસદીય બેઠક પર અમરીશભાઈ પટેલ, અમદાવાદ પૂર્વ બેઠક પર ઋષિભાઈ વેકરિયા, અમદાવાદ (પ) બેઠક પર આર.કે. ચૌહાણ, સાબરકાંઠા બેઠક પર હસમુખભાઈ પટેલ ઉમેદવારી નોંધાવશે. આમ તો ગુજરાતની નવ બેઠકો સહિત પક્ષે ૪૧ ઉમેદવારોની યાદી આજે જાહેર કરી છે. ઉમેદવારો ૩૦મી પછી ઉમેદવારી નોંધાવશે તેમ જાણવા મળેલ છે.

# ઘ-૪ સ્વર્ણીમ પાર્ક પાસેથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરના હાર્દસમા ઘ-૪ સ્વર્ણીમ પાર્ક વિસ્તારમાં સાંજ ઢળતા જ માનવ મહેરામણ જામે છે. ઘ-૪ સર્કલની બંન્ને તરફના ગેટ પાસે વાહનનો ખડકલો જામે છે. ગાર્ડનમાં બેસવા માટે આવતા નાગરીકોના વાહનો પણ હવે સલામત રહ્યા નથી. વાહનચોર ટોળકીએ ગાર્ડનમાં આવતા નગરજનોના વાહનો પર નજર દોડાવી હોય તેવું લાગી રહ્યું છે. સે-૨૨ ખાતે વસવાટ કરતા ભાવિકાબેન સંજયકુમાર શર્મા ગત્ તા.૧૭ માર્ચના રોજ તેઓ પોતાના દેરાણી અને બાળકો સાથે રાત્રીના દશ વાગ્યાના અરસામાં ઘ-૪ ગાર્ડન સરદાર પટેલના સ્ટેચ્યું નજીક આવેલા ગેટ પાસે એકટીવા નં.જી.જે.૧૮.એ.પી.૨૪૮૦ મુકીને ગયા હતા. કોઈ કારણોસર ગણતરીની મિનીટોમાં એકટીવા પાસે પરત આવ્યા હતા ત્યારે સ્થળ પરથી એકટીવા ગાયબ હતું. એકટીવાની શોધખોળ આસપાસના વિસ્તારમાં કરી હતી.પરંતુ ન મળતા આખરે સે-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સિવિલ કેમ્પસમાંથી રીક્ષાની ઉઠાંતરી

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી બાઈકની ઉઠાંતરીના કિસ્સા તો છાશવારે બનતા હતા. સિવિલ કેમ્પસ વાહનચોર ટોળકી માટે સોફટ ટાર્ગેટ મનાઈ રહ્યું છે. સિવિલ કેમ્પસમાં વાહનચોરીને અંજામ આપી તસ્કરો જાણે પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. પહેલા તો ચોર ટોળકી બાઈક કે એકટીવાની ચોરી કરી પલાયન થઈ જતી હતી. હવે તો કેમ્પસમાંથી રીક્ષાની પણ ઉઠાંતરી કરતા ચોર ટોળકી સહેજ પણ ખચકાતી નથી. સિવિલ કેમ્પસમાંથી ગત્ તા.૧૧ માર્ચના રોજ ગાંધીનગર એફએસએલ કચેરી ખાતે સફાઈ કામદાર તરીકે નોકરી કરતા અને બોરીજ ખાતે રહેતા હરીભાઈ ગણપતભાઈ દિકરાની દવા લેવા માટે સિવિલ આવ્યા હતા. બિમાર દિકરાને પોતાની રીક્ષા નં.જી.જે.૧૮.એ.વી. ૨૭૬૫ માં બેસાડીને અગીયાર વાગ્યાના અરસામાં દવા લેવા માટે ગયા હતા. એક વાગ્યાના અરસામાં તેઓ દવા લઈને પરત ફર્યા હતા ત્યારે જે તે સ્થાને મુકેલી રીક્ષા ગાયબ હતી. થોડા દિવસ સુધી રીક્ષાની શોધખોળ કર્યા બાદ કોઈ પત્તો ના લાગતા રીક્ષા માલિકે આખરે સે-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોધી વધુ તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલના પ્રવેશદ્વાર આગળ વાઈફાઈનું ટાવર તૈયાર કરવામાં આવી રહ્યું છે. ત્યારે સિવિલ કેમ્પસને પણ વાઈફાઈ બનાવવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ત્યારે આ ટાવર વાઈફાઈની કનેક્ટીવીટી માટે ખુબ ઉપયોગી સાબિત થાય તેમ લાગી રહ્યું છે.

# શંકરસિંહ વાઘેલા ચૂંટણી નહીં લડે

## પ્રજાના પ્રશ્ન ઉકેલવામાં અને લોકોની અપેક્ષા સંતોષવામાં મોદી સરકાર તેમજ ભાજપ બંને નિષ્ફળ ગયા છે : વાઘેલા

અમદાવાદ,તા. ૨૨

તાજેતરમાં એનસીપીમાં જોડાનાર ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને પીઢ રાજકારણી શંકરસિંહ વાઘેલાએ આજે ફરી એકવાર પોતાનો બળાપો કાઢયો હતો કે, તેઓ આ વખતની લોકસભા ચૂંટણીમાં લડવાના નથી પરંતુ એ વાત પણ એટલી જ સાચી છે કે, આ વખતે કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર પણ નહી. આવે. વાઘેલાએ ભાજપ અને મોદી સરકાર પર ફરી એકવાર પ્રહારો કર્યા હતા અને જણાવ્યું હતું કે, પ્રજાના પ્રાણપ્રશ્નો ઉકેલવામાં અને લોકોની અપેક્ષાઓ સંતોષવામાં મોદી સરકાર અને ભાજપ બંને નિષ્ફળ ગયા છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને એસનસીપી લીડર શંકરસિંહ વાઘેલા દ્વાર આજે એક નિવેદન મારફતે સ્પષ્ટ કરાયું હતું કે, તેઓ લોકસભા ચૂંટણી નથી લડવા માંગતા. પરંતુ તેની સાથે તેમને દાવો પણ કર્યો હતો કે, કેન્દ્રમાં ફરીથી મોદી સરકાર નહીં આવે. તેમણે કહ્યું કે ભાજપ આ વખતે ફક્ત ૧૫૦ સીટો જ જીતી શકશે. ભાજપ સિવાયના દળોને ૩૫૦ જેટલી સીટો મળશે. શંકરસિંહ વાઘેલાએ આ વાતો એનસીપી કાર્યાલયના ઉદ્‌ઘાટન દરમ્યાન જણાવી હતી. વાઘેલાએ આગામી લોકસભા ચૂંટણી લઈને પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું કે, મારી ઈચ્છા ચૂંટણી લડવાની નથી, પરંતુ તેઓ એનસીપીને મદદ ચોક્કસ કરશે. આપને જણાવી દઈએ કે એનસીપી સાથે જોડાતા પહેલા શંકરસિંહ વાઘેલા દ્વારા ઘોષણા કરવામાં આવી હતી કે તેઓ લોકસભા ચૂંટણી લડશે, પરંતુ હવે વાઘેલાએ જાતે જ ચૂંટણી લડવાની ના પાડી છે. આમ વાઘેલા પોતાનું નિવેદન અને વલણ વારેઘડીયે બદલી રહ્યા હોવાથી તે વાતને લઈને પણ ભારે ચર્ચા ચાલી છે.

# હાર્દિકની ધૂળેટીની ઉજવણી બગડી : મોદીના નારા લાગ્યા

હાર્દિક પટેલ દ્વારા કોંગ્રેસનો હાથ પકડ્યા બાદ રાજ્યમાં કેટલાક પાટીદાર સમાજે હાર્દિકને ગદ્દાર ગણાવ્યો છે અને ધીરેધીરે તેના પ્રત્યેનો વિરોધ પાટીદાર સમાજમાં ઉગ્ર બની રહ્યો છે. રાજ્યના કેટલાક શહેરો અને ગામડામાં પણ હાર્દિકના વિરોધમાં પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. હાલમાં સમગ્ર ગુજરાતમાં હાર્દિક પટેલનો સખત વિરોધ થઈ રહ્યો છે. ગઈકાલે જામનગરમાં હાર્દિક એક પાર્ટી પ્લોટમાં ધુળેટી રમવા પહોંચ્યો હતો. પરંતુ સ્ટેજ પર ચડતા જ લોકોએ મોદી મોદીના નારા લગાવ્યા હતા. લોકો દ્વારા મોદી મોદીના નારા લગાવવામાં આવી રહ્યા હતા આ જોઈને હાર્દિક પણ મુશ્કેલીમાં મુકાયો હોય તેમ તેના ચહેરા પર હાવભાવ જોવા મળ્યા હતા. હાર્દિક સ્ટેજ પર ચડીને માઈકમાં બોલતો હતો પણ લોકો તેને સાંભળ્યો નહોતો અને સતત મોદી મોદીના નારા લગાવ્યા હતા. આથી હાર્દિકને પણ શરમજનક સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો હતો અને ત્યાંથી થોડીવારમાં તે સ્ટેજ છોડી ચાલ્યો ગયો હતો.







## ચિલોડા ખાતે ધુળેટી પર્વની શ્રધ્ધાપૂર્વક કરાયેલ ઉજવણી

ગાંધીનગર તાલુકાના મુખ્ય પ્રવેશદ્વાર સમા ચિલોડા ગામના મુખ્ય ચોક અને બહુચર માતાના ચોકમાં દર વર્ષની પરંપરા મુજબ સમસ્ત ગ્રામજનોના સહયોગથી હોલીકા દહન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ભાવિકજનોએ ધાર્મિક શ્રધ્ધા સાથે શ્રીફળ અને ધાણીની આહુતી આપી પ્રદક્ષિણા કરી દર્શનનો લ્હાવો લીધો હતો. ત્યારબાદ બીજા દિવસે ધુળેટી પર્વ નિમિત્તે ગામના ક્ષત્રિય સમાજના યુવાનો દ્વારા મહાકાલી માતાજીના ચોકથી વેરાઈ માતાજીના મંદિરના ચોક સુધીના જાહેરમાર્ગ પર પરંપરા મુજબ રંગબેરંગી વેશભુષા સાથે દેવ-દેવીઓના પાત્રો દ્વારા નાટયાત્મક રીતે ખેલૈયાઓએ મન મુકીને ધુળેટી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરી હતી. આ પ્રસંગે સમગ્ર ગામના ધર્મપ્રેમીઓ કાર્યક્રમને નિહાળવા મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા.